બાયડ પંથકમાં દીપડા પરિવારના આંટા ફેરા....!!

ઓઢા ડુંગરી વિસ્તારમાં દીપડા સાથે તેનું બચ્ચું હોવાનું લોકમુખે ચર્ચા : પંથકમાં ફફડાટ

બાયડ, તા. ૨૭

ગત સપ્તાહે બાયડના ગાબટ ગામે માનવ પર ખુંખાર દીપડાના જીવલેણ હુમલાના પગલે સમગ્ર પંથકમાં ભયના માહોલ જોવા મળ્યો હતો દીપડાને પાંજરે પુરવા વનવિભાગની રાજયની ટીમો ઉતરી રેસ્ક્યુ ઓપરેશન હાથધર્યા બાદ દીપડાને પાંજરે પુરવામાં નિષ્ફળ રહેલ વનવિભાગ ટીમે દીપડો વિહાર કરી ગયો હોવાનું જણાવ્યું હતું હાલ પણ આ પંથકમાં લોકો રાત્રી ઉજાગરા કરી રહ્યા છે ત્યારે દીપડા સાથે તેના બચ્ચું પણ હોવાનું અને ઓઢા ડુંગરી વિસ્તારમાં શનિવારે સાંજે માલધારીઓએ દીપડાને જોતા સીમાડા છોડી ગામ તરફ પ્રયાણ કરતા લોકોમાં ફફડાટ

ફેલાયો છે બાયડ પંથકમાં દીપડાના પરિવારે ધામા નાખ્યા હોવાનું લોકો મુખે ચર્ચાઈ રહ્યું છે વનવિભાગ તંત્રમાં દીપડાને લઈને દોડધામ મચી છે દીપડો કોઈ માનવનો ભોગ લે તે પહેલા પાંજરે પુરવા લોકમાંગ પ્રબળ બની છે.

બાયડના ગાબટ સહીત ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા એક સપ્તાહથી માનવભક્ષી દીપડો હોવાની દહેશતથી લોકોમાં ખૌફ જોવા મળી રહ્યો છે ૮ દિવસ અગાઉ ગાબટ સરકારી દવાખાના નજીક રહેણાંક વિસ્તારમાં દીપડો ઘૂસી આવી દિનેશભાઈ દલાભાઈ નામના વ્યક્તી પર હુમલો કરતા ભારે દેકારો મચી ગયો હતો આ ઘટનાના પગલે દીપડાને પાંજરે પુરવા રાજયની ગાંધીનગર, આણંદ, સાબરકાંઠા, ગીર, અરવલ્લી જિલ્લાની નિષ્ણતોની ટીમ તૈનાત કરી દીધી હતી દીપડાને પાંજરે પુરવામાં નિષ્ફળ રહેલી ટિમો વનવિભાગે દીપડો વિહાર કરી ગયો હોવાનું જણાવતા તમામ ટિમો પરત ફરી હતી ત્યારે ફરીથી દીપડાએ ઓઢા ડુંગરી વિસ્તારમાં દેખા દેતા લોકોમાં ફફડાટ ફેલાયો છે હાલ ખેતરોમાં શિયાળુ ખેતીને પીયત કરવાની કામગીરી ચાલી રહી હોવાથી ખેડૂતો પણ ખેતરોમાં જતા ફફડાટ અનુભવી રહ્યા છે સમગ્ર પંથકમાં દીપડા સાથે તેનું બચ્ચું પણ હોવાનું ચર્ચાઈ રહ્યું છે વનવિભાગે સ્થળ નિરીક્ષણ કરી સમગ્ર વિસ્તારને પ્રતિબંધીત વિસ્તાર જાહેર કરવા અને દીપડાને પાંજરે પુરાવા તજવીજ હાથધરી હોવાની માહિતી વનવિભાગના સૂત્રો પાસેથી પ્રાપ્ત થઇ હતી.

બીએસએનએલ ટાવરની બેટરીઓ પ્લેટોની ચોરી કરતી ટોળકીનો પર્દાફાશ

એલસીબી પોલીસે રૂપિયા ૬.૪૪ લાખના મુદ્દામાલ સાથે પાંચ આરોપીઓને ઝડપી લીધા

પાલનપુર

સરહદી બનાસકાંઠા જિલ્લામાં બી.એસ.એન.એલ ટાવરની બેટરી તેમજ પ્લેટોની ચોરી કરતી ગેંગ એલસીબી પોલીસના હાથે ઝડપાઈ જતા બી.એસ.એન.એલ.ની બેટરી અને પ્લેટ ચોરી કરવાના ષડયંત્રનો પર્દાફાશ થવા પામ્યો છે. એલસીબી અને એસઓજી પોલીસે આ ગુનામાં રૂપિયા ૬.૪૪ લાખના મુદ્દામાલ સાથે પાંચ આરોપીઓને ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, એલ.સી.બી અને એસ.ઓ.જી.ની પોલીસ આગથળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન મળેલી બાતમીના આધારે લાખણી સર્કિટ હાઉસ પાસે આવતી ઈકો ગાડી નંબર-ધ્ત.૦૧-૬૬-૨૦૨૫ તથા ટેમ્પો ગાડી નંબર ધ્ત-૦૮-છેં-૩૦૫૪ આવતા તેને રોકી તેની તલાસી લેવામાં આવી હતી. જેમાં ટેમ્પો ગાડી માં જોતા બેટરીઓ ભરેલ હોઈ ટેમ્પો ગાડીના ચાલક શકિલઅહેમદ મૌલાનાસુબહાની શેખ રહે.પાલનપુર માલણ દરવાજાની પૂછપરછ કરવામાં આવી હતી.

જે પૂછપરછ દરમિયાન તેઓએ આ બેટરી અશોકભાઈ મોહનભાઈ વજીર રહે.લાખણીવાળાએ ભરાવી હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે અશોક ભાઈની પૂછપરછ કરતાં આ બેટરીઓ કાતરવા, જાલોઢા, સોની, જાડા, કોતરવાડા ગામમાં બીએસએનએલના ટાવર પરથી બેટરી અને પ્લેટોની ચોરી કરી હોવાની કબુલાત કરી હતી.

દરમિયાન, પોલીસે બીએસએનએલની ચોરાયેલી બેટરીઓ, નાની મોટી પ્લેટ, એક્ચેન્જ કાર્ડ, ઈકો ગાડી, ટેમ્પો ગાડી તથા ૫ મોબાઈલ અને રોકડ રકમ મળી કુલ ૬,૪૪,૧૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી પાંચ આરોપીઓને ઝડપી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.

આ કામગીરીમાં એલસીબી પીઆઈ એચ.પી.પરમાર, એસ.ઓ.જી પી.આઈ ડી.આર.ગઢવી, એલ.સી.બી. પી.એસ. આઈ આર.જી.દેસાઈ, એસ.ઓ.જી. પી.એસ.આઈ એમ.કે.ઝાલા સહિતનો સ્ટાફ જોડાયો હતો.

ઝડપાયેલા આરોપીઓ

(૧)અશોકભાઈ મોહનભાઈ વજીર રહે. લાખણી તાલુકો લાખણી (૨)જયેશભાઈ પુખરાજ ભાઈ દરજી રહે.લાખણી પટેલવાસ, તાલુકો લાખણી (૩)રમેશભાઈ કરસનભાઈ વજીર રહે.લાખણી તાલુકો. લાખણી (૪)શકીલઅહેમદ મોલાનાસુબહાની શેખ રહે.પાલનપુર માલણ દરવાજા તાલુકો.પાલનપુર (૫)અરમાનભાઈ મહંમદભાઈ શેખ રહે. પાલનપુર માલણ દરવાજા તા. પાલનપુર.

પાલનપુર સિવિલના ખાનગીકરણ બાદ વહીવટ કથળ્યો

પાલનપુર સિવિલમાં એક માસથી ઇન્સ્યુલીનના ઈંજેક્શનનો અભાવ : ડાયાબિટીશથી પીડાતા દર્દીઓ ત્રાહિમામ : બજારમાંથી મોંઘા ભાવે ઈંજેક્શન ખરીદતા ગરીબ દર્દીઓ : એકબીજા પર ઢોળી જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ કરતા સત્તાધીશો

આરોગ્ય ક્ષેત્રે સરકાર દ્વારા લાખો રૂપિયાના આંધણ બાદ આજે પણ આમ આદમીને પૂરતી આરોગ્ય સુવિધાઓ મળી રહી નથી. ખાનગીકરણ બાદ વહીવટ કથલતા પાલનપુર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા એક માસ થી ઈન્સ્યુલિનના ઈંજેક્શન ઉપલબ્ધ ન હોવાથી મોંઘવારીના માર વચ્ચે ડાયાબિટીશના દર્દીઓની હાલત કફોડી બની છે.

બનાસડેરી સંચાલિત ખાનગી ટ્રસ્ટ હસ્તક ખાનગીકરણ માં ફેરવાયેલી પાલનપુર સિવિલ હોસ્પિટલનો વહીવટ પણ હવે ખાનગી હોસ્પિટલ જેવો થઈ રહ્યો છે. પાલનપુર સિવિલમાં ડાયાબિટીસના દર્દીઓ માટે છેલ્લા એક મહીનાથી ઈન્સ્યુલીન ઈંજેક્શન નથી. જેના લીધે ડાયાબિટીસથી પીડાતા ગરીબ દર્દીઓની મુશ્કેલી વધી ગઈ છે. પાલનપુર સિવિલ હોસ્પિટલમાં દરરોજ ના ૫૦ થી વધુ ડાયાબિટીસ ના દર્દીઓ ઈંજેક્શન થી જરૂર પડે છે. ત્યારે છેલ્લા એક મહિનાથી ડાયાબિટીસથી પીડાતા ગરીબ દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં ૧૫૦ થી ૩૦૦ રૂપિયાના મોંઘભાવના ઈંજેક્શન લઈ રહ્યા છે. હાલમાં ડાયાબિટીસના ઈન્સ્યુલીન ઈંજેક્શન સિવિલ હોસ્પિટલમાં ઉપલબ્ધ ના હોવાથી ગરીબ દર્દીઓની હાલત કફોડી બની હોવાનું મુસ્તાકભાઈ કુરેશી નામના દર્દીએ જણાવ્યું હતું.

પાલનપુર સિવિલમાં ઈન્સ્યુલીન ઈંજેક્શનની દર વર્ષે ૧૫ થી ૧૬ હજારની જરૂર પડે છે. ત્યારે એક મહિનાથી ડાયાબિટીસના દર્દીઓ ઈંજેક્શન વગર સિવિલ હોસ્પિટલમાં આમતેમ ભટકી રહયા છે. ત્યારે સિવિલ હોસ્પિટલ અને બનાસ મેડિકલ કોલેજના સત્તાધીશો પોતાની જવાબદારી માંથી છટક્યા

વગર ઝડપથી રાજ્ય સરકાર પાસે ઈન્સ્યુલીન ઈંજેક્શનની માંગણી કરે તેવી માંગ જોર પકડી રહી છે.

મોડાસામાં જરૂરીયાતમંદોને ઠંડીથી બચવા ગરમ ધાબળાનું વિતરણ કરાયું

અખિલ ભારતીય પ્રજાપતિ કુંભકાર સંઘના પ્રમુખ અરવિંદભાઈ પ્રજાપતિના

માર્ગદર્શન હેઠળ યોજાયેલ કાર્યક્રમમાં કલ્પેશભાઈ પ્રજાપતિ મંત્રી ગુજરાત પ્રદેશ, આશાબેન પ્રજાપતિ મહિલા અધ્યક્ષ અરવલ્લી જીલ્લા, કેશુભાઈ પ્રજાપતિ મહામંત્રી અરવલ્લી જીલ્લા,રમેશભાઈ પ્રજાપતિ ઉપપ્રમુખ અરવલ્લી જીલ્લા, વિજયભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહી મોડાસા શહેરમાં જુદી-જુદી જગ્યાએ વસવાટ કરતા જરૂરીયાતમંદોને કડકડતી ઠંડીમાં રક્ષણ મળી રહે તેવા આશયથી ગરમ ધાબળાનું વિતરણ કરાયું હતું.

પોલીસના હાથપગ ભાંગી નાખનાર ખુંખાર બુટલેગર મહેશ ઉર્ફે કાળીયા અસારીને અઢી વર્ષ પછી દબોચતી એસઓજી પોલીસ

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જીલ્લામાં પોલીસે જ પોષીને મોટા કરેલા બુટલેગરો બેફામ બન્યા હતા અને પોલીસ પર જ હુમલો કરી ખાખી પર ભારે પડી રહ્યા છે ત્યારે એસપી સંજય ખરાતના આગમન પછી બુટલેગરો સામે શસ્ત્ર કાર્યવાહીના પગલે ફાટીને ધુમાડે ગયેલા અને કાયદાનો કોઈ ડર જ ન હોય તેવા બુટલેગરો ભૂગર્ભમાં ઉતરી ગયા છે જીલ્લા એસઓજી અને પેરોલ ફર્લો પોલીસે બાવળીયા ટોરડા ગામેથી બાતમીના આધારે અઢીવર્ષ અગાઉ ગાંધીનગર આર આર સેલના કોન્સ્ટેબલ પર હુમલો કરનાર ફરાર ધંધાસણના કુખ્યાત અને માથાભારે બુટલેગર મહેશ ઉર્ફે કાળીયા અસારીને દબોચી લીધો હતો

અઢી વર્ષ અગાઉ ગાંધીનગર આર આર સેલના કોન્સ્ટેબલ ઈમરાન નજામીયા ખોખર ખાનગી કારમાં ખાનગી માણસો સાથે ભિલોડા ધોલવાણી નજીક દારૂ ભરેલી ઈકો કારને અટકાવવાનો પ્રયાસ કરતા ઈકો કાર ચાલકે કાર હંકારી મુકતા

આર આર સેલના કોન્સ્ટેબલ ઈમરાન ખોખરે ખાનગી કારમાં પીછો કરતા પાછળ બુટલેગરો જીપમાં પહોંચી કારને આંતરી જીપમાં અને ઈકો કારમાં રહેલા બુટલેગરોએ ઈમરાન ખોખર અને ખાનગી માણસ પર જીવલેણ હુમલો કર્યો હતો જે અંગે શામળાજી પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધી હુમલો કરનાર કેટલાક બુટલેગરોને દબોચી લીધા હતા જીલ્લા એસઓજી પીઆઈ જે પી ભરવાડને આર આર સેલના પોલીસકર્મી પર હુમલો કરનાર અને છેલ્લા અઢી વર્ષથી નાસતો ફરતો ધંધાસણના મહેશ ઉર્ફે કાળીયા અસારી નામનો બુટલેગર બાવળીયા ટોરડા ગામે હોવાની બાતમી મળતા એસઓજી અને જીલ્લા પેરોલ ફર્લો ટીમે બાવળીયા ટોરડા ગામે ત્રાટકી બાતમી આધારીત જગ્યાને કોર્ડન કરી મહેશ ઉર્ફે કાળીયો કમજી અસારીને ઈ-ગુજકોપ પોકેટકોપની મદદથી બાવળીયા ટોરડા ગામેથી ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

ગાંધીનગર આર આર સેલમાં ફરજ બજાવતા પોલીસકર્મી પર બુટલેગરોના હુમલા પછી તરહ તરહની ચર્ચાઓ પોલીસબેડામાં ચર્ચાઈ રહી હતી અને રેડ પર પણ અનેક સવાલો ઉઠ્યા હતા.

બનાસકાંઠામાં કોરોનાના માત્ર બે કેસ નોંધાયા

સરહદી બનાસકાંઠા જિલ્લામાં જ દિપાવલીના તહેવારો ટાણે વકરેલો કોરોનાનો પ્રકોપ હવે ધીરે ધીરે શાંત થતા કોરોનાની ગતિ મંદ પડતી જાય છે. ત્યારે રવિવારે તો કોરોનાનો આંકડો એક ડિજિટમાં આવી જતા માત્ર ૦૨ પોઝેટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૪૦૫૧ એ પહોંચી છે.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં રવિવારે કોરોનાના વધુ ૦૨ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. જેમાં આદર્શમાં ૦૨ (પાલનપુર ૦૧, ધાનેરા ૦૧) મળી કુલ ૦૨ કેસ નોંધાયા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યું હતું કે, કુલ ૧૩૬ સેમ્પલમાંથી ૦૨ કેસ પોઝેટિવ આવ્યા હતા.

શામળાજી શ્રી ત્રિલોકીનાથ વિષ્ણું મંદિરમાં પાટોત્સવ યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજીમાં શ્રી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ બારીશી સમાજ ધ્વારા સંચાલિત શ્રી ત્રિલોકીનાથ મંદિરમાં છઠ્ઠો પાટોત્સવ યોજાયો હતો. સમાજમાંથી પાટોત્સવમાં લાભ લેવા સમાજના હોદ્દદારો,સામાજીક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ભીખાભાઈ શાસ્ત્રી, કર્મકાંડીના યજમાન પદે પાટોત્સવ સંપન્ન થયો હતો. શ્રી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ બારીશી સમાજ સંચાલિત શ્રી ત્રિલોકીનાથ વિષ્ણું મંદિરમાં છઠ્ઠો પાટોત્સવ યોજાયો હતો. શ્રી ત્રિલોકીનાથ વિષણું મંદિરના ચેરમેનએ યજમાન પદે બેસી પુજા કરાવી હતી.

દૂધસાગર ડેરી ચૂંટણીમાં ખેરાલુ અને સિદ્ધપુરના ઉમેદવાર સિવાયના ૩૨ ઉમેદવારોની યાદી જાહેર

મહેસાણા,તા. ૨૭

દૂધસાગર ડેરીની ચૂંટણીને માત્ર ગણતરીના દિવસો રહ્યા છે. દુધસાગર ડેરી માટે હવે ઉમેદવારોની યાદી પણ જાહેર કરી દેવાઈ છે. ચૂંટણી અધિકારીએ ખેરાલુ અને સિદ્ધપુરના ઉમેદવાર સિવાયના ૩૨ હરીફ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. નોંધનીય છેકે, ખેરાલુ, વડનગર, સતલાસણા વિભાગ ૧ અને ૨ તથા સિદ્ધપુર બેઠકનો નિર્ણય પેન્ડીંગ હોવાથી તેમની યાદી કે પ્રતિક ફાળવણી કરાઈ નથી. જ્યારે કે બાકીના તમામ ઉમેદવારોને પ્રતિક ફાળવી દેવાયા છે. મહેસાણા બેઠક પર ચેરમેન પદનાં ઉમેદવાર અશોક ચૌધરીની સામે મેવડનાં નાનજીભાઈ ચૌધરી ચૂંટણી લડી રહ્યા છે. વિભાગ-૧માં પાટણ-વાગડોદ, માણસા, વિસનગર અને સમી-હારીજ બેઠક પર ૩ હરીફ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામશે. તો કલોલ-ગોઝારીયા, ચાણસ્મા-બહુચરાજી, મહેસાણા અને વિજાપુર બેઠકો પર બે ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે.. જો વિભાગ-૨ ની વાત કરીએ તો માણસા, વિજાપુર અને વિસનગર બેઠકપર ૩-૩ હરીફ ઉમેદવારો છે.

ઉમેદવારોના નામો સામે આવ્યા છે. જેમાં વિકાસ પેનલ અને પરિવર્તન પેનલના નામોનો ઉલ્લેખ થયો છે. દૂધસાગર ડેરીના ચૂંટણી જંગમાં વિપુલ ચૌધરી ઝંપલાવી શકશે તેવા એંધાણ કોર્ટે આપ્યા બાદ વિપક્ષ અશોક ચૌધરીની પેનલ અને વિપુલ ચૌધરીના સમર્થકો વચ્ચે વાકયુદ્ધ શરૂ થયું છે. ડેરીમાં ભ્રષ્ટાચાર અને દેવા મુદ્દે પશુપાલકોને સંબોધી સોશિયલ મીડિયામાં કરેલી પોસ્ટ મુદ્દે વિપુલ ચૌધરીના સમર્થકોએ પણ પ્રતિક્રિયાઓ આપી હતી.

વિભાગ – ૧

૧ – કડી (સ્ત્રી અનામત)
પ્રેમીલાબેન નવીનચંદ્ર પટેલ
જશીબેન રાજાભાઈ દેસાઈ
ઈન્દીરાબેન રામાભાઈ પટેલ

૨ – કલોલ ગોઝારીયા (સ્ત્રી અનામત)
જબુબેન મનુજી ઠાકોર
શાનાતાબેન માધાભાઈ ચૌધરી

વિપુલ ચૌધરીના સમર્થનમાં જંગ લડી રહેલા નાનજીભાઈ ચૌધરીએ સરકારી તંત્રની પોલ ખોલી

વિપુલ ચૌધરીના સમર્થન માં જંગ લડી રહેલા નાનજીભાઈ ચૌધરીએ સરકારી તંત્રની પોલ ખોલી નાખી છે નાનજી ભાઈ ચૌધરીએ આ ડેરી ને અધર લાવવા માટે વિપુલ ચૌધરીના પિતા સાથે મળીને કામ કરેલું હતું તેઓ આજે ૭૫ વર્ષે પણ ચૂંટણીમાં ઝંપલાવ્યું છે. વિપુલ ચૌધરી સાથે પેનલમાં જીત મેળવે તેવા પ્રયાસ કરી રહ્યા છે. પહેલા આટલી સંખ્યામાં ઉમેદવારો ન હતા. જાણી જોઈને વિપુલ ચૌધરીની અટકાયત કરવામાં આવી હોવાના આક્ષેપ કર્યા હતા જ્યારે અન્ય પ્રાઈવેટ ડેરીમાં ભેળસેળ થઈ રહી છે તો કેમ ત્યાં તપાસ નથી ? ના આક્ષેપ કર્યા હતા.

૪ ચાણસ્મા – બહુચરાજી
અમરતભાઈ માધાભાઈ દેસાઈ
ઈશ્વરભાઈ ગોવાભાઈ દેસાઈ

૫ પાટણ – વાગડોદ
પ્રહલાદજી પ્રતાપજી ઠાકોર
બલવંતભાઈ નાનજીભાઈ ચૌધરી
રમેશભાઈ મગનભાઈ રબારી

૬ મહેસાણા
અશોકકુમાર ભાવસંગભાઈ ચૌધરી
નાનજીભાઈ રામજીભાઈ ચૌધરી

૭ માણસા
ચંદ્રિકાબેન ચંદુલાલ પટેલ
યોગેશભાઈ ગોવિંદભાઈ પટેલ
રામાજી જોઈતાજી ઠાકોર

૮ વિજાપુર
જગતસિંહ ધનસિંહ પરમાર
દશરથલાલ શાંતિલાલ જોશી

૯ – વિસનગર
જીતેન્દ્રભાઈ કાન્તીભાઈ પટેલ
રાજેશભાઈ રેવાભાઈ પટેલ
લક્ષ્મણભાઈ કાશીરામભાઈ પટેલ

૧૦ સમી-હરીજ
ધનરાજભાઈ હેમરાજભાઈ ચૌધરી
રામજીભાઈ કરમશીભાઈ દેસાઈ
શકતાભાઈ મયાભાઈ ભરવાડ

વિસનગર (વિભાગ -૨)
દિલીપકુમાર સગરામભાઈ ચૌધરી
ભગવાનભાઈ લવજીભાઈ ચૌધરી
મહેશભાઈ દેવજીભાઈ ચૌધરી

માણસા (વિભાગ – ૨)
કનુભાઈ ડાહ્યાભાઈ ચૌધરી
વેલજીભાઈ લવજીભાઈ ચૌધરી
સુરેશભાઈ રેવાભાઈ ચૌધરી

ભિલોડા ઉદય સેવા સંસ્થાન ધ્વારા બાળકોને ધાબળા, બિસ્કીટ, કચરીયાનું વિતરણ

ભિલોડા ઉદય સેવા સંસ્થાન ધ્વારા બાળકોને ધાબળા, બિસ્કીટ, તલના કચરીયાનું વિતરણ કરાયું હતું. ઉદય સેવા સંસ્થાન ધ્વારા આંતરસુબામાં શ્રીમતિ શાંતાબેન રવિશંકર જોષી ઉત્તર બુનિયાદી વિદ્યાલય,નવજીવન કુમાર છાત્રાલયમાં બાળકોને ધાબળાનું વિતરણ તેમજ વન પેદાશ મધ, ગુંદર, લાકડા વીણીને વેચાણ કરી ગુજરાન ચલાવતા કાથોટી સમાજના બાળકો,મોટેરાઓને બિસ્કીટ, તલનું કચરીયુ અપાયું હતું. ઉદય સેવા સંસ્થાનના જીતેન્દ્રભાઈ ભાટીયા, રોહિતભાઈ પટેલ, સુરેશભાઈ પ્રજાપતિ, શ્રીમતિ શાંતાબેન રવિશંકર જોષી ઉત્તર બુનિયાદી વિદ્યાલય આચાર્ય વિક્રમસિંહ સિસોદીયા, સરપંચ,તાલુકા પંચાયત સદસ્ય,૧૯૭૧ના યુધ્ધના લડવૈયા, પરમ વીર ચક્રથી સન્માનીત બચુભાઈ બરંડા, કાથોડી પ્રાથમીક શાળાના ઈશ્વરભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા.

ભરૂચમાં હિંસક હુમલા બાદ વકીલનું મોત, દલિત સમાજમાં રોષ, હોસ્પિટલ બહાર વિરોધ

ભરૂચ,તા. ૨૭

૧૭ ડિસેમ્બરના રોજ ભરૂચના ભોલાવ વિસ્તારમાં આવેલા સુપર સ્ટોર નજીક નજીવી બાબતે ૪થી ૫ લોકોએ વકીલ પર હિંસક હુમલો કરી કર્યો હતો. વકીલનું સારવાર દરમિયાન આજે હોસ્પિટલમાં મૃત્યુ થયું છે. જેને પગલે દલિત સમાજમાં ભારે રોષ જોવા મળ્યો છે અને જ્યાં સુધી આરોપીઓની ધરપકડ ન થાય ત્યાં સુધી મૃતકની લાશ ન ઉઠાવવાની ચીમકી ઉચ્ચારી છે. વકીલ સાથે મારામારીના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. ભરૂચના ભોલાવ ખાતે આવેલી અલકનંદા ગેલેક્ષી ખાતે રહેતા અને વકિલાતના વ્યવસાય સાથે સંકળાયેલા ૬૫ વર્ષીય જશુભાઈ જાદવ ૧૭ ડિસેમ્બરે તેમના ઘર પાસે આવેલી વ્રજ વિહાર સોસાયટી ખાતેની કચ્છ સુપર સ્ટોરમાં સામાન ખરીદી કરવા ગયા હતા.

સામાન ખરીદ્યા બાદ તેઓ કાઉન્ટરના ટેબલ પર સામાન મૂકવા માટે ત્યાં ઉભેલા યુવાનને જગ્યા કરવા કહેતા યુવાને તેમને અપશબ્દો ઉચ્ચાર્યાં હતાં. દરમિયાનમાં તેણે તેના અન્ય બે ત્રણ સાગરિતો સાથે આવીને વૃદ્ધને માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. હુમલાખોરો પૈકીના બે શખ્સોના નામ દિનુભા શિવસિંહ રાણા તેમજ પ્રવિણ હોવાનું માલુમ પડ્યું હતું. ઈજાગ્રસ્તને તાત્કાલિક સારવાર માટે ભરૂચની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન વૃદ્ધનું મોત નીપજ્યું છે.

આણંદની અપરા હોસ્પિટલની બેદરકારીથી દર્દીએ ગુમાવ્યો જીવ

આણંદ,તા. ૨૭

આણંદ શહેરની નામાંકિત અને અદ્યતન સુવિધાઓથી સજ્જ ડો.અજય કોઠીયાલાની અપરા હોસ્પિટલમાં કોરોનાના દર્દીની ઓક્સિજનની પાઈપ છૂટી પડી ગઈ હતી. કોરોનાના દર્દી ભુપેન્દ્ર પટેલનું ઓક્સિજન લેવલ અતિશય ઘટી જતાં તરફડીયા મારી રહેલા દર્દીએ હોસ્પિટલનો એલર્ટ બેલ પણ દબાવ્યો છતાં હાજર સ્ટાફ અને ફરજ ઉપરના ડોક્ટર દ્વારા સમયસર સારવાર ન મળતા દર્દીનું મોત થયું હતું. જેને પગલે દર્દીના પરિવારજનોએ હોસ્પિટલ માથે લીધી હતી. ઘટનાની ગંભીરતા સમજીને હોસ્પિટલે આવી પહોંચેલા ડો.અજય કોઠીયાલાએ હોસ્પિટલના સ્ટાફની ભૂલ હોવાનું સ્વીકાર્યું હતું.

આ પહેલા ભુપેન્દ્ર પટેલને કોરોના થતા તેઓને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.ગંભીર કોરોના ને લઈ તેઓને આઈસીયુ માં દાખલ કરાયા ત્યાર બાદ ૧૪ દિવસની સારવારના અંતે તેઓને રૂમમાં લાવવામાં આવ્યા હતા. આ દુઃખદ ઘટના અંગે ડો.અજય કોઠીયાલાએ હોસ્પિટલની ભૂલ અને પોતાની જવાબદારી સ્વીકારતા જણાવ્યું હતું કે દર્દીના પરિવારજનોએ સ્વજન ગુમાવ્યા છે જેનું અમને દુઃખ છે.